મોંઘવારીના માર વચ્ચે આરોગ્યના 'યોદ્ધાઓ' આર્થિક સંકટમાં સપડાયા

પાલિકાના 900 NHM કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવાની ચીમકી અપાઈ હોવાનો ગણગણાટ

સરકારી ગ્રાન્ટ ન મળતા અગાઉ કોર્પોરેશને પોતાની મૂડીમાંથી પગાર કર્યો હતો

...તો આ વખતે કમિશનર અને આરોગ્ય અમલદાર કેમ મૌન ?

(પ્રતિનિધિ) વડોદરા. તા.14

સરકારની આરોગ્યલક્ષી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડનારા નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ આજે પોતે જ 'બીમાર' સિસ્ટમનો ભોગ બન્યા છે. વડોદરા મહાનગરપાલિકા હેઠળ ફરજ બજાવતા 900 થી વધુ NHM કર્મચારીઓને છેલ્લા બે થી ત્રણ મહિનાથી પગાર ન મળતા તેમની આર્થિક સ્થિતિ કફોડી બની છે. નવાઈની વાત એ છે કે, આ પ્રશ્ન માત્ર વડોદરા પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર રાજ્યમાં NHM કર્મચારીઓ વેતન માટે વલખાં મારી રહ્યા હોવાનો ગણગણાટ શરૂ થયો છે.

પાલિકાના આરોગ્ય વિભાગની કરોડરજ્જુ ગણાતા આ કર્મચારીઓ રસીકરણ, સર્વે અને ફિલ્ડ વર્ક જેવી કપરી કામગીરી કરે છે. આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે આ કર્મચારીઓ પર નિર્ભર છે, તેમ છતાં વહીવટી તંત્ર દ્વારા તેમના પગાર બાબતે ઘોર ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. મોટાભાગના કર્મચારીઓનો પગાર 10,000 થી 15,000 જેવો મામૂલી હોવા છતાં, મોંઘવારીના આ યુગમાં બે-ત્રણ મહિના સુધી વેતન ન મળતા ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે.

જ્યારે કર્મચારીઓએ પગાર મુદ્દે ઉચ્ચ અધિકારીઓ પાસે રજૂઆત કરી, ત્યારે "રાજ્ય સરકારમાંથી ગ્રાન્ટ આવી નથી" તેવું રટણ કરવામાં આવ્યું હતું. અગાઉ જ્યારે આવી સ્થિતિ સર્જાઈ હતી, ત્યારે કોર્પોરેશને પોતાની અનામત મૂડીમાંથી પગાર ચૂકવીને પાછળથી ગ્રાન્ટ એડજસ્ટ કરી હતી. તો આ વખતે કમિશનર અરુણ મહેશ બાબુ અને આરોગ્ય અમલદારે આવી સંવેદનશીલતા કેમ ન દાખવી ? તેવો પ્રશ્ન કર્મચારીઓ પૂછી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે કર્મચારીઓએ પોતાના હક માટે રેલી કે વિરોધ પ્રદર્શન કરવાની વાત કરી, ત્યારે અધિકારીઓ દ્વારા તેમને બદલી કરી દેવાની અથવા નોકરીમાંથી છૂટા કરવાની ગર્ભિત ધમકીઓ આપવામાં આવી હોવાની પણ ચર્ચાઓ વહેતી થઈ છે.

આ સમગ્ર મામલે ઈન્ચાર્જ આરોગ્ય અમલદાર ડો. મુકેશ વૈધએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી ગ્રાન્ટના અભાવે વિલંબ થયો હતો, પરંતુ બે દિવસ પહેલા જ ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. ચાલુ સપ્તાહમાં જ તમામ કર્મચારીઓના પગાર થઈ જાય તેવી પૂરી શક્યતા છે.

આ મુદ્દો માત્ર વડોદરાનો નથી, ગુજરાતના અન્ય મહાનગરોમાં પણ NHM કર્મચારીઓને પગાર માટે દર વખતે આંદોલન કે રજૂઆતનો સહારો લેવો પડે છે. સરકાર એક તરફ 'આરોગ્યપ્રદ ગુજરાત'ની વાતો કરે છે, બીજી તરફ આરોગ્યના પાયાના કામદારોને સમયસર વેતન આપવામાં નિષ્ફળ રહી હોય તેમ જણાય છે.

હવે જોવાનું એ રહે છે કે આ સપ્તાહે ખરેખર કર્મચારીઓના ખાતામાં પગાર જમા થાય છે કે પછી ફરી 'ગ્રાન્ટ' અને 'તારીખ'ના ખેલમાં આ ગરીબ કર્મચારીઓ પીસાતા રહેશે.

વન નેશન, વન કરિક્યુલમના ધ્યેય સાથે દેશમાં એકસમાન અભ્યાસક્રમ લાગુ પડશે

MSUમાં નવો કોર્સ : બેચલર ઓફ ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ (ઓનર્સ) શરૂ

NCAHP એક્ટ મુજબ વન નેશન વન કરિક્યુલમ આધારિત 4 વર્ષનો ડિગ્રી કોર્સ, હોસ્પિટલ ટ્રેનિંગ સાથે

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સિસ દ્વારા બેચલર ઓફ ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ (ઓનર્સ) નામનો નવો અંડરગ્રેજ્યુએટ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ 2026-27થી પ્રવેશ શરૂ થઈ ગયા છે.

નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ NCAHP એક્ટ, 2021 મુજબ તૈયાર કરાયો છે. વન નેશન, વન કરિક્યુલમના ધ્યેય સાથે આ સમગ્ર દેશમાં એકસમાન અભ્યાસક્રમ લાગુ પડશે. કોર્સની મુખ્ય વિશેષતાઓમાં NCAHP આધારિત સ્ટાન્ડર્ડ કરિક્યુલમ જે રાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ, ક્લિનિકલ અને હોસ્પિટલ એક્સપોઝર જેમાં વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં પ્રેક્ટિકલ ટ્રેનિંગ મળશે. રાષ્ટ્રીય સ્તરે માન્ય લાયકાત કોર્સ પૂર્ણ કર્યા બાદ દેશભરમાં નોકરીની તકો ઉભી થશે. કોર્સનો સમયગાળો 4 વર્ષ, ઈન્ટર્નશિપ સહિત ફુલ-ટાઈમ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ, લાયકાતમાં ધોરણ 12 સાયન્સમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી સાથે 50% માર્ક્સ અને અંગ્રેજી વિષય ફરજિયાત રહેશે. રસ ધરાવતા વિદ્યાર્થીઓ GCAS પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકે છે. આ નવા કોર્સથી ન્યુટ્રીશન અને ડાયેટેટિક્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ઉત્તમ તક મળશે.

B.Sc. ફૂડ સાયન્સ એન્ડ ક્વોલિટી કંટ્રોલમાં 35 બેઠકો માટે અરજી કરી શકાશે

ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સિસ દ્વારા B.Sc. ફૂડ સાયન્સ એન્ડ ક્વોલિટી કંટ્રોલ FSQC કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ કોર્સમાં કુલ 35 બેઠકો ઉપલબ્ધ છે. આ 4 વર્ષનો ફુલ-ટાઈમ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ છે. જેમાં ઈન્ટર્નશિપ, ઓન-જોબ ટ્રેનિંગ અને રિસર્ચનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને પ્રોડક્ટ ડેવલપમેન્ટ, ફૂડ સેફ્ટી, હેન્ડ્સ-ઓન લેબ ટ્રેનિંગ, ફૂડ એનાલિસિસ જેવા વિષયો ભણાવાશે. સાથે ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર અને ફેક્ટરી વિઝિટ દ્વારા પ્રેક્ટિકલ જ્ઞાન પણ આપવામાં આવશે. કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ ફૂડ એન્ટરપ્રિન્યોર, ફૂડ ટેક્નોલોજિસ્ટ, R&D એક્સપર્ટ, ફૂડ ક્વોલિટી સુપરવાઈઝર તેમજ શૈક્ષણિક ક્ષેત્રે કારકિર્દી બનાવી શકે છે. ધોરણ 12 કોઈપણ પ્રવાહમાં પાસ કરેલ અને અંગ્રેજી વિષય ધરાવતા વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે.

4 વર્ષના કોર્સમાં ફિલ્ડ વિઝિટ અને ન્યુટ્રીશન કેમ્પેઈનની ટ્રેનિંગ, ધો.12 પાસ અરજી કરી શકશે

B.Sc. પબ્લિક હેલ્થ ન્યુટ્રીશન કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ કોર્સમાં કુલ 35 બેઠકો ઉપલબ્ધ છે. આ 4 વર્ષનો ફુલ-ટાઈમ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રા છે જેમાં ઈન્ટર્નશિપ, ઓન-જોબ ટ્રેનિંગ અને રિસર્ચનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન, ન્યુટ્રીશન કેમ્પેઈન્સ, અવેરનેસ ડ્રાઈવ્સ તેમજ ફિલ્ વિઝિટ અને કોમ્યુનિટી સર્વેની પ્રેક્ટિકલ ટ્રેનિંગ આપવામાં આવશે. આ કોર્સ સમુદાય સ્તરે પોષણ અને આરોગ્ય સુધારવા માટે પ્રોફેશનલ્સ તૈયાર કરશે. કોર્સ બાદ ન્યુટ્રીશન એક્ઝિક્યુટિવ CSR, કોમ્યુનિટી ડેવલપમેન્ટ ઓફિસર, ન્યુટ્રીશન કાઉન્સેલર, ન્યુટ્રીશન ઓફિસર, પોલિસી રિસર્ચર ઉપરાંત IT ફર્મ્સમાં હેલ્થ પ્રોફેશનલ અને શૈક્ષણિક ક્ષેત્રે તકો ઉપલબ્ધ છે. ધોરણ 12 કોઈપણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે પાસ હોવું જરૂરી છે

મલ્ટીપલ એન્ટ્રી-એક્ઝિટ સાથે 4 વર્ષનો કોર્સ

પ્લેસમેન્ટ સહાય અને પ્રેક્ટિકલ ટ્રેનિંગની સુવિધા

ફૂડ એન્ડ ન્યુટ્રીશન માટે શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રવેશ શરૂ થયા છે. 4 વર્ષના ફુલ-ટાઈમ B.Sc. ઓનર્સ કોર્સમાં 40 બેઠકો ઉપલબ્ધ છે. કોર્સમાં સર્ટિફિકેટથી ઓનર્સ ડિગ્રી સુધીનો વિકલ્પ, ઈન્ટર્નશિપ, ઓન-જોબ ટ્રેનિંગ, રિસર્ચ અને પ્લેસમેન્ટ આસિસ્ટન્સ મળશે. ધોરણ 12 અંગ્રેજી વિષય સાથે પાસ વિદ્યાર્થીઓ અરજી કરી શકશે.

NEET વગર MSUમાં બેચલર્સ ઓફ ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સમાં પ્રવેશ

મેડિકલ ક્ષેત્રમાં NEET વગર કારકિર્દી બનાવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ માટે ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ ક્ષેત્રમાં તક ઉભી થઈ છે. બેચલર્સ ઓફ ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ (BND) કોર્સ માટે પ્રવેશ શરૂ થયા છે, જેમાં કુલ 35 મર્યાદિત બેઠકો ઉપલબ્ધ છે. NCAHP એક્ટ 2021 મુજબના આ કોર્સમાં રિગરસ ક્લિનિકલ ટ્રેનિંગ આપવામાં આવશે. કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ હોસ્પિટલોમાં કામ કરી શકશે અને ક્લિનિકલ ન્યુટ્રીશન એક્સપર્ટ તરીકે કારકિર્દી બનાવી શકશે. ધોરણ 12 કોઈપણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે પાસ કરેલું હોવું જરૂરી છે.

સગીરાને ભગાડી જઈ અશ્લીલ હરકતો કરનારને 7 વર્ષની કેદ

ભોગ બનનારને રૂ.45 હજાર વળતર આપવા માટે પણ આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા ના સીટી વિસ્તારમાં રહેતી 15 વર્ષની સગીરાને રીક્ષા ચાલક નહિ લાલચ આપીને બગાડી ગયો હતો. ત્યારબાદ સગીરાને બોમ્બે ખાતે રહેતા આરોપીના સંબંધીના ઘરે રાખીને જાતીય સતાવણી કરી હતી. જેની ફરીયાદ માતાએ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી હતી અને જેલ ભેગો કરી દેવામાં આવ્યો હતો. ત્યારે આ પોકસો અને અપહરણના ગુનામાં સ્પેશિયલ પોકસો કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. કેસમાં આરોપી સમીર અબ્દુલ લતીફ ઉર્ફે જેનુભાઈ શેખ (રહે. યાકુતપુરા ભોઈવાડા, કન્યાશાળા સ્કૂલ પાસે, વડોદરા) ને દોષિત ઠેરવી 7 વર્ષની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વડોદરા ના સીટી વિસ્તારમાં રહેતી 15 વર્ષની સગીરાને લગ્નની લાલચ આપીને સમીર શેખ નામનો અપહરણ કરી ભગાડી ગયો હતો ત્યારબાદ તેને તેના સંબંધીના ઘરે બોમ્બે ખાતે રાખ્યો હતો. ત્યારે આરોપીએ તેના સંબંધીના ઘરે સગીરા સાથે જાતીય સતામણી અને છેડછાડ કરી હતી. માતાએ વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે અલગ અલગ ટીમો બનાવીને સગીરાનું અપહરણ કરનાર આરોપીની શોધખો શરૂ કરી હતી દરમિયાન આરોપી અને સગીરાને પોલીસે શોધી કાઢ્યા હતા. જેમાં પોલીસે સમીર શેખની ધરપકડ કરીને જેલ હવાલે કર્યો હતો. દરમિયાન આ પક્ષોના કેસની સુનાવણી બાદ અધિક સત્ર ન્યાયાધીશ તથા સ્પેશિયલ પોકસો જજ દ્વારા આરોપીને તકસીરવાન જાહેર કર્યો હતો.કોર્ટ દ્વારા 7 વર્ષની સખત કેદ તથા રૂ.7 હજાર દંડની સજા ફટકારવામાં આવી છે. દંડ નહીં ભરે તો અનુક્રમે 3 માસ અને 6 માસની સાદી કેદની વધારાની સજાનો હુકમ પણ કરાયો છે. ઉપરાંત આરોપીએ સગીરાને રૂપિયા 45 હજાર વળતર પેટે ચૂકવવા માટે પણ આદેશ ફરમાવાયો છે.

જીવદયાપ્રેમીની પુરાવા સાથે ઝૂક્યુરેટર, વનવિભાગ અને મ્યુ.કમિશ્નરને રજૂઆત

સયાજીબાગમાં દીપડાના પિંજરા પાસે રીલ બનાવનાર યુટ્યુબર સામે કાર્યવાહીની માંગ

સોશિયલ મીડિયા પર વિડીયો અપલોડ કરી દીપડાને દોડાવ્યો, સિક્યુરિટીની બેદરકારી પર સવાલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરાના સયાજીબાગ ઝૂમાં વન્યજીવને હેરાન કરવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જીવદયાપ્રેમી રમેશ યાઈસ દ્વારા વનવિભાગ, ઝૂ ક્યુરેટર અને મ્યુનિસિપલ કમિશ્નરને રજૂઆત કરીને યુટ્યુબર સુજલ રાજા સામે કડક કાર્યવાહીની માગ કરવામાં આવી છે.

વડોદરાના સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયના ઝૂક્યુરેટર, મ્યુ. કમિશ્નર અને વનવિભાગને કરેલી ફરિયાદ મુજબ યુટ્યુબર સુજલ રાજાએ દીપડાના પિંજરાની એકદમ નજીક જઈને દીપડાને દોડાવ્યો અને તેનો વિડીયો બનાવી ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યો છે. વન્યપ્રાણીની નજીક જઈ આ રીતે વિડીયો ઉતારવો કાયદાકીય રીતે ગુનો બને છે. રમેશ યાઈસે રજૂઆતમાં જણાવ્યું કે, વિડીયો ઉતારતી વખતે હાજર સિક્યુરિટીએ કોઈ ધ્યાન આપ્યું ન હતું અને યુટ્યુબરને રોક્યો ન હતો. આવા રીલથી બીજા લોકોને પણ પ્રોત્સાહન મળે છે અને કોઈ અનિચ્છનીય બનાવ બને તો વન્યજીવને બદનામ કરવામાં આવે છે. ત્યારે, પિંજરાની નજીક જઈ વિડીયો ઉતારનાર યુટ્યુબર સામે કાયદેસરના પગલાં લેવાય, ફરજ પર બેદરકારી દાખવનાર સિક્યુરિટી સામે પણ કાર્યવાહી થાય. વિના કારણે પુરાયેલા વન્યજીવને થતી હેરાનગતિ રોકવા કાયદાકીય ધોરણે દાખલો બેસાડવામાં આવે જીવદયાપ્રેમીએ જણાવ્યું કે, કડક પગલાં લેવાથી ભવિષ્યમાં કોઈ વ્યક્તિ કાયદાનો ભંગ કરી પ્રાણીઓને હેરાન કરવાની હિંમત નહીં કરે.

ચોકારીપુરામાં પાઈપ નાખવાના મુદ્દે જૂથ અથડામણ, યુવાન પર ચપ્પુથી હુમલો

છોડાવવા પડેલા યુવકના પરિવારના સભ્યોને પણ માર મરાયો, સાત લોકો સામે રાયોટિંગનો ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા તાલુકાના સિંધરોટ નજીક આવેલા ચોકારીપુરા ગામમાં દુકાન આગળ શેડ બનાવવા માટે લોખંડની પાઈપો નાખવાના મુદ્દે થયેલી બોલાચાલી હિંસક અથડામણમાં ફેરવાઈ હતી.આ ઘટનામાં એક યુવાનને ચપ્પા જેવા ધારદાર હથિયારથી પેટના ભાગે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવામાં આવતા વડોદરા તાલુકા પોલીસે સાત લોકો સામે રાયોટીંગ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ચોકારીપુરા ગામમાં રહેતા કલ્પેશભાઈ પરષોત્તમભાઈ પઢીયારે નોંધાવેલી ફરિયાદ અનુસાર તેઓ અને તેમના ભાઈ જયેશભાઈ પઢીયાર પોતાની ચાની દુકાનેથી ઘરે જમવા જતા હતા. ત્યારે આરોપીઓ પોતાની દુકાન આગળ પતરાનો શેડ બનાવવા માટે લોખંડની પાઈપો નાખી રહ્યા હતા. આ પાઈપો તેમના મકાન તરફ આવતી હોવાથી તેને દૂર કરવા કહેતા બંને પક્ષ વચ્ચે ઝઘડો થયો હતો.

રમેશભાઈ, અજયભાઈ અને સંજયભાઈ પઢીયારે ઉશ્કેરાઈ ગાળો બોલી ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન અક્ષયભાઈ મહેંદ્રભાઈ પઢીયાર દોડી આવી પોતાના હાથમાં રહેલા ચપ્પા જેવા ધારદાર હથિયાર વડે જયેશભાઈ પઢીયારના પેટના ભાગે ઘા માર્યો હતો. હુમલાથી જયેશભાઈને ગંભીર ઈજા પહોંચી હતી.

બુમાબુમ સાંભળી પરિવારજનો વચ્ચે પડતા વધુ આરોપીઓ પણ સ્થળ પર આવી યુવક અને તેમના ભાઈને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. યુવકના પિતા વચ્ચે પડતા કોકિલાબેન રમેશભાઈ પઢીયારે તેમના હાથમાં બચકું ભર્યાનો પણ આક્ષેપ કરાયો છે.

વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં રમેશભાઈ રાવજીભાઈ પઢીયાર, અજયભાઈ રમેશભાઈ પઢીયાર, સંજયભાઈ રમેશભાઈ પઢીયાર, અક્ષયભાઈ મહેંદ્રભાઈ પઢીયાર, મનીષાબેન અજયભાઈ પઢીયાર, કોકિલાબેન રમેશભાઈ પઢીયાર અને મહેંદ્રભાઈ રાવજીભાઈ પઢીયાર સામે રાયોટીંગ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે તપાસ શરૂ કરી છે.

બીબીએમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓ માટે મોક ટેસ્ટ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

મ.સ.યુનિવર્સિટીમાં બીબીએ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે ખાસ મોક ટેસ્ટ લેવાયો હતો. 17મી તારીખે યોજાનારી મુખ્ય પ્રવેશ પરિક્ષા પૂર્વે વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધારવા અને પરીક્ષાનો ભય દૂર કરવાના હેતુથી પ્રેક્ટિસ ટેસ્ટ યોજવામાં આવ્યો હતો.

બીબીએમાં પ્રવેશ મેળવવા માટેની રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરીક્ષા પડકાર જનક હોય છે. વિદ્યાર્થીઓની આ પરીક્ષાનો વાસ્તવિક અનુભવ મળે તે માટે બીબીએ બિલ્ડીંગ ખાતે ખાસ મોખ ટેસ્ટનું આયોજન કરાયું હતું, તેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પેપરની પેટર્ન સમજાવવી, બે કલાકના સમયનું સચોટ આયોજન કરવું અને પરીક્ષાના દબાણ વચ્ચે શાંત રહીને બેસ્ટ દેખાવ કરવાનો અને માર્ગદર્શન આપવાનો રહ્યું છે.

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ
CIN U40102GJ2003SGC042909
ભરૂચ શહેર વિભાગીય કચેરી,
જીલ્લા પંચાયતની પાછળ, પાંચબત્તી, ભરૂચ,
ડી.જી.વી.સી.એલ. ટોલ ફ્રી નં.૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩
DGVCL

વિજપુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ફીડરોમાં જેટકો દ્વારા અગત્યના સમારકામની કામગીરી કરવાની હોવાથી તેના પરથી વિજ પુરવઠો મેળવતા વિજ ગ્રાહકો ને તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વિજ પુરવઠો મળી શકશે નહિ. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાણ કર્યા સિવાય વિજ પુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ- ડિવિઝન (ફોલ્ટ સેન્ટર નંબર)	તારીખ/ વાર	સમય
૧	૬૬ કે.વી. અમલેશ્વર એસ.એસ.	૬૬ કે.વી. અમલેશ્વર એસ.એસ. માંથી નિકળતા ૧૧ કેવી આમધરા જે.જી.વાય., ૧૧ કેવી અમલેશ્વર જે.જી. વાય., ૧૧ કેવી શંખવાડ એ.જી. ફીડરો (વિજ પુરવઠો પુરો પાડવામાં આવતા તમામ વિસ્તારો)	ભરૂચ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી. (૮૯૮૦૮૦૩૯૧૭) અથવા ૧૯૧૨૩	૧૬.૦૫.૨૬ શનિવાર	૦૬.૦૦ થી ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઇજનેર (સં.નિ.), ભરૂચ શહેર વિભાગીય કચેરી, દ.ગુ.વી.કં.લી.

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વિજ અકસ્માત ટાળો.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
IDFC FIRST Bank
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૪૭૫૬૯૧૬૨	હોમ લોન	૧. પઢીયાર હિતેશકુમાર ૨. પઢીયાર રતનબેન ૩. પઢીયાર પ્રવિણભાઈ	૧૩.૦૪.૨૦૨૬	રૂા.૭,૩૮,૬૨૯.૨૩

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી બિન ખેતી જમીન પ્લોટ મોજે વિરજાઈ કરજણ જેનો જમીન જુનો પ્રોપટી નં.૬૭ ગ્રામપંચાયત પ્રોપટી નં.૬૮૦૩ માપ ૪૮૧ ચો.ફુટ એટલે કે ૪૪.૬૮ ચો.મી મોજે ગામ વિરજાઈ રજી સ્ટ્રેશન ડિસ્ટ્રિકટ અને સબ ડિસ્ટ્રિકટ કરજણ અને જીલ્લા વડોદરા-ગુજરાત-૩૯૧૨૪૦ ખાતે આવેલ છે.
જેની ચર્તુદિશા : પૂર્વ તરફ : રોડ,**પશ્ચિમ તરફ :**પઢીયાર ભીમાંગભાઈ રણછોડભાઈ નો વાડો, **ઉત્તર તરફ :** ખુલ્લો પ્લોટ, **દક્ષિણ તરફ**, : ખુલ્લો પ્લોટ આવેલ છે.

આથી તમને **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૫.૦૫.૨૦૨૬
સ્થળ : વડોદરા, ગુજરાત

હરે કૃષ્ણા મૂવમેન્ટ અંતર્ગત બિલિયન લાઇવ્સ ફાઉન્ડેશન દ્વારા ભજનનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

શહેરમાં સામાજિક ક્ષેત્રે અગ્રણી ઈસ્કોન ટેમ્પલ અને બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા હરે કૃષ્ણા મૂવમેન્ટ અંતર્ગત તા.16 મેના રોજ સાંજે 6:30 કલાકે કમાટીબાગ સ્થિત એમ્ફી થિયેટર (ગેટ નંબર બે) ખાતે શ્રીકૃષ્ણના ભજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે બિલિયન્સ લાઈફ ફાઉન્ડેશનના ફાઉન્ડર અને ડાયરેક્ટર કિન્નરી હરિયાણીએ જણાવ્યું હતું કે, હાલ વેકેશનનો સમય ચાલી રહ્યો છે ત્યારે યુવાનોને ભક્તિમય બનાવવા અમારી સંસ્થા અને હરેકૃષ્ણ મંદિરના સંયુક્ત ઉપક્રમે એક સુંદર "ભજન જેમિંગ"ના નામે કાર્યક્રમ યોજાશે. જેમાં વિવિધ પ્રકારના ભજન ઉપરાંત કીર્તન, મહા મંત્ર, ડીવોશન, ડિવાઈન જોય તથા ભગવાન શ્રી કૃષ્ણાના ઈસ્કોનના ભજન યોજાશે. કાર્યક્રમમાં જાહેર જનતા ભાગ લઈ શકશે.

ઇંડિયન બૈંક Indian Bank इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II

Bank Website E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 08/07/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ	કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત / ઈએમડી (In Rs.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	સયાજીગંજ વડોદરા	(૧) શ્રીમતિ રીના પવન ભાટિયા (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી શૈલેષભાઈ મહેન્દ્રભાઈ પટેલ (જામીનદાર)	રૂા.૧૭,૫૪,૨૧૦.૮૮ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૬/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત અંબે વિલા, ફ્લેટ નં. ૧૦૬, પહેલો માળ, વિભાગ-એ, ટીક્કા નં. ૮/૫, સીટી સર્વે નં. ૧૫૫, માપ ૧૩૨.૧૦ ચો.મીટર્સ, સીટી સર્વે નં. ૧, માપ ૪૭૨.૪૧ ચો.મીટર્સ. પૈકી ૨૫૭.૪૩ ચો.મીટર્સ કુલ જમીન વિસ્તાર ૩૮૯.૫૪ ચો.મીટર્સ, બાંધકામ વિસ્તારનું માપ ૫૯.૨૬ ચો.મીટર્સ, અને જમીનના અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિત જમીન વિસ્તારનું માપ ૧૪.૭૭ ચો.મીટર્સ, ગામ: વાડી. જે જીલ્લો વડોદરા અને સબ-જિલ્લા વડોદરા થી રજીસ્ટ્રેશન થયેલ. ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ સીટી સર્વે નં. , દક્ષિણેઃ ગલીચારી અને ફ્લેટ નં. ૧૦૪, પૂર્વેઃ ફ્લેટ નં. ૧૦૫, પશ્ચિમેઃ કોમન પેસેજ.	સાંકેતિક	15,21,000/- 1,52,100/-	IDIB30619810716	Mr. Tikendra Verma (M) 9131718982
૨.	સયાજીગંજ વડોદરા	(૧) શ્રી ભોજવાણી રાકેશ કિમતભાઈ (કરજદાર અને મોર્ગેજર)	રૂા.૩૨,૭૬,૦૯૯.૩૭ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૬/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેણાંક મિલકત જે ફ્લેટ નં. એ/૧૦૧, પહેલો માળ, દર્શનમ ઓએસીસ, અન્ય બાંધકામ બિલ્ટપ વિસ્તાર ૬૬.૧૫ ચો.મીટર્સ, જેની સાથે ૩૪.૪૬ ચો.મીટર્સ જમીનમાં અવિભાજીત હિસ્સા સહિત. જે સ્થિત જમીનનો સર્વે નં. (જૂનો) ૨૮૨, સીટી સર્વે નં. ૧૪૭, ટી.પી. નં. ૬, ફાઈનલ પ્લોટ નં. ૧૬. જે જીલ્લો વડોદરા અને સબ-જિલ્લા વડોદરા થી રજીસ્ટ્રેશન થયેલ. ચર્તુદિશાઃ ઉત્તરેઃ લાગુ કોમન પેસેજ અને ખુલ્લી આકાશ જગ્યા, દક્ષિણેઃ લાગુ ખુલ્લી આકાશ જગ્યા, પૂર્વેઃ લાગુ ખુલ્લી આકાશ જગ્યા, પશ્ચિમેઃ ફ્લેટ નં. એ/૧૦૨.	સાંકેતિક	24,03,000/- 2,40,300/-	IDIB30649078024	
૩.	ન્યુ અડાજણ સુરત	(૧) શ્રી આમીરખાન (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ આયેશા આમીરખાન (સહ-કરજદાર અને મોર્ગેજર), (૩) શ્રી પઠાણ મોઈન ખાન (સહ-કરજદાર અને મોર્ગેજર), (૪) શ્રીમતિ યાસ્મીન બાનો ગૌહર ખાન (કરજદાર)	રૂા.૮૬,૦૦,૨૭૬.૭૮ તા.૧૧/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૮/૧૨/૨૦૨૫	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાવર મિલકત જે પ્લાન પાસ થયા મુજબ પ્લોટ નં. ૭૯ અને ૮૦ (પ્લાન મુજબ પ્લોટ નં. ૪૨ અને ૪૩),''સફારી પાર્ક'', (કે.જે.પી. બ્લોક નં. ૧૦/બી/૪૨/૪૩) પ્લાન મુજબ લે-આઉટ પ્લોટ નં. ૭૯ અને ૮૦ કુલ વિસ્તારનું માપ ૨૫૩.૨૨ ચો.મીટર્સ., સી.ઓ.પી. અને રસ્તામાં તેમજ ત્યાં સ્થિત તમામ સુવિધાઓમાં અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતની મિલકત. જે સ્થિત જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૧, બ્લોક નં. ૧૦ (કે.જે.પી બાદ બ્લોક નં. ૧૦/બી/૪૨ અને ૧૦/બી/૪૩) ટી.પી.એસ ૨૬, ગામઃ લાજપોર, સબ- જિલ્લોઃ ચોર્યાસી, જિલ્લોઃ સુરત, ગુજરાત- ૩૯૪૨૩૫. ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૭૮, દક્ષિણેઃ રસ્તો, પૂર્વેઃ જોડાયેલ બ્લોક નં. , પશ્ચિમેઃ રસ્તો.	સાંકેતિક	99,00,000/- 9,90,000/-	IDIB30588293968	Mr. Tikendra Verma (M) 9131718982
૪.	રાજપીપળા	(૧) શ્રીમતિ વસાવા અનિતાબેન (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી વસાવા હેમંતભાઈ પરસોત્તમભાઈ (સહ-કરજદાર અને મોર્ગેજર)	રૂા.૧૭,૪૨,૬૧૩.૪૮ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૦૫/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે પ્લોટ નં. ૮૩, ચંદ્રવિલા બંગલો, બ્લોક/સર્વે નં. ૮૯૧/૮૩, રાજપીપલા, તાલુકોઃ નંદોડ, જિલ્લોઃ નર્મદા, ગુજરાત- ૩૯૩૧૪૫. જે તમો પહેલા અને બીજા ના નામની મિલકત. ચર્તુદિશાઃ ઉત્તરેઃ ૬ મીટર રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૭૭ અને ૭૮, પૂર્વેઃ પ્લોટ નં. ૮૨, પશ્ચિમેઃ પ્લોટ નં. ૮૪.	સાંકેતિક	21,00,000/- 2,10,000/-	IDIB30257596266	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૫.	અડાજણ સુરત	(૧) શ્રીમતિ મનિષાબેન અમિતભાઈ ભુવા (કરજદાર / મોર્ગેજર) (૨) શ્રી અમિતભાઈ ચંદુભાઈ ભુવા (સહ-કરજદાર / મોર્ગેજર)	રૂા.૩૧,૩૫,૯૬૬.૭૫ તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજની બાકી	૨૦/૦૧/૨૦૨૬	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે ફાઈનલ પ્લોટ નં. ૧૨૬ ક્રિષ્ના પાર્ક , શિવ શકિત કો.ઓ. હાઉસિંગ સોસાયટી લી. પાસે, જેનું માપ ૭૪.૧૪ ચો મીટર્સ જે સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૫૪ અને ૫૫, બ્લોક નં.૫૫, ટીપી સ્કીમ નં. ૫૯, ગામઃ પારડી-કણદે, તાલુકોઃ ચોર્યાસી, જિલ્લોઃ સુરત. જે શ્રીમતિ મનિષાબેન અમિતભાઈ ભુવા અને શ્રી અમિતભાઈ ચંદુભાઈ ભુવા ના નામે છે. ચર્તુદિશાઃ ઉત્તરેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૨૫, દક્ષિણેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૨૭, પૂર્વેઃ જોડાયેલ પ્લોટ નં. ૧૩૧, પશ્ચિમેઃ જોડાયેલ સોસાયટીનો આંતરિક રસ્તો.	સાંકેતિક	37,63,000/- 3,76,300/-	IDIB30498958417	Mr. Tikendra Verma (M) 9131718982

નોંધઃ તમે અન્ય નામે પણ સુવિધાઓ લીધી છે. તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મેસર્સ નેવ્યા ટેક્ષ ખાતા ની બાકી રકમ રૂા.૮,૮૪,૧૦૯.૧૬ અને મેસર્સ જય શકિત ટેક્ષ ખાતા ની બાકી રકમ રૂા.૭,૫૨,૧૨૬.૮૦ છે.

બીડ વધારવાની કિમંતઃ રૂા.૧૦,૦૦૦/- **ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૮/૦૭/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.**

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૧૫/૦૫/૨૦૨૬ થી ૦૭/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૮/૦૭/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનીટસના અનલિમીટેડ વિસ્તરણ સાથે)

Biddersare advised to visit the website (https://baanknet.com) of our e auctionservice provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For TechnicalAssistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220, email ID:- support.baanknet@psballiance.com and other help line numbers available inservice providers help desk. For Registration status with PSB Alliance Pvt.Ltd. and EMD status, please contact support.baanknet@psballiance.com. Forproperty details and photograph of the property and auction terms andconditions please visit: https://baanknet.com and for clarifications related tothis portal, please contact Helpdesk No.8291220220 Bidders are advised to useProperty ID Number mentioned above while searching for the property in thewebsite with https://baanknet.com.

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

તારીખઃ ૧૫/૦૫/૨૦૨૬,
સ્થળઃ સુરત.

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક.